વાસવદત્તા.

૫૮૨૬

સંસ્કૃત સુબંધુ કવિકૃત

વાસવદત્તા.

અથવા

પ્રાચીન પ્રેમનું ચમત્કારિક ચિત્ર.

લખનાર

શિવશંકર હરિહર પંડિત.

પ્રસિદ્ધકર્તા

કહાનજી ધર્મસિંહ.

મુંબઇ:

"સ્ટેન્ડર્ડ" પ્રીંટિંગ પ્રેસ.

સંવત ૧૯૫૦. ઇ૦ સ૦ ૧૮૯૪.

કીંમત ત્રણ આના.

છપ્પય.

શ્રી હરિહર પંડિત, શ્રેષ્ઠ સૌરાષ્ટ્રનિવાસી,
શિવશંકર સુજ્ઞ મિત્ર, તનુજ તેના ગુણરાશી;
તરૂણ અવસ્થા વિષે, વિષયથી તન-મન જીતી,
લખ્યા લેખ ગંભીર, ધરી હરિપદમાં પ્રીતિ;
  સુખદાયક સરળ સ્વભાવથી,
    જનપ્રિય થઇ સહુ જગતને;
  રાખો અતિ ઉત્તમ નામના,
    સંભારીએ ક્ષણે ક્ષણે. ૧

વિદ્યા વાદ વિનોદ, રસિકતા ખરો સુધારો,
તે સાથે શુભ ધર્મ-નિયમના શુદ્ધ વિચારો;
એ આદિક ગુણ વડે, અમર છો મિત્ર સર્વદા,
તથાપિ વિરહે થાય, ખેદ તે મટે નહિ કદા.
  અર્પું હું લઘુ વાર્તિક આ,
    અંતરના ઉદ્‌ગારથી;
  તુજ હસ્તલિખિત મુજને મળ્યું,
    ક્રાન અપૂરવ પ્યારથી. ૨

પ્રસ્તાવના.

'વાસવદત્તા' નામની આખ્યાયિકાનો કર્તા સુબંધુ છે. સુબંધુ 'કાદંબરી'કર્ત્તા બાણની પહેલાંનો છે, એમ બાણના લેખ ઉપરથી સિદ્ધ થાય છે. સુબંધુની રચેલી આ આખ્યાયિકા સંસ્કૃત સાહિત્યમાં એક અનુપમ ગ્રંથ ગણાય છે. તેની ભાષા રસાલંકારવાળી, સ્વાભાવિક ભાવોથી ઉછળતી અને જન મનને રંજન કરનારી છે; પરંતુ તેમાં ભાષાકાઠિન્ય એટલું બધું છે કે વાર્તાના અભિલાષીઓ જેઓ સાધારણ સંસ્કૃત જાણનારા અથવા તેથી અજાણ્યા છે, તેની ઇચ્છા પાર પડે તેમ નથી. માટે તેની મૂળ કથાનો આ પોથીમાં સમાવેશ કર્યો છે. આ વાર્તાની સ્તુતિ કરતાં બાણભટ્ટ લખે છે કે "વાસવદત્તાની આખ્યાયિકા જોઇને કવિઓનો ગર્વ ગળી ગયો."

આ વાર્તા નાની હોવા છતાં, તેમાનાં કેટલાંક વર્ણનો તથા ઉપદેશક ભાગો વાચકવર્ગને ઉપયોગી થશે, એવી આશા છે.

મુંબઇ,
વિજયાદશમી. ૧૯૫૦ } ક. ધ.

મણકો ૬

વાસવદત્તા.

પૂર્વે ભારતવર્ષમાં **ચિંતામણી** નામનો એક ચક્રવર્તી રાજા રાજ્ય કરતો હતો. તે નીતિમાન, ધીર, વીર, અને સદ્દગુણી હતો. **નળ, રામ,** યુધિષ્ઠિર વગેરે રાજાઓ ચક્રવર્તી હતા, પણ તેઓ આ રાજા કરતાં સુખમાં ઉતરતા હતા. આવું મહા સુખજ તેની મહત્તા સૂચવતું હતું. તેણે દેશદેશના રાજાઓને જીતીને ક્ષત્રિયકૂળને દીપાવ્યું હતું અને પ્રજાને રંજન કરી રાજાના નામને સાર્થક કર્યું હતું. તેના સમયમાં કપટ કે અસત્યતાનો લેશ પણ જણાતો નહોતો. વિદ્યા અને લક્ષ્મી સહચારિણી થઇને રહેતાં હતાં. કરો ઓછા કરવાથી લોકો ધનાઢ્ય અને સુખી હતાં, અને દેશમાં પણ આબાદાની હતી: કારણ કે દેશની આબાદીનો આધાર પ્રજાનાં

ધનાઢ્યપણાં ઉપર આધાર રાખે છે. ટુંકમાં સર્વત્ર આનંદ આનંદ જોવામાં આવતો હતો.

તે રાજાને કંદર્પકેતુ નામે એક તરૂણ પુત્ર હતો; જે પારિજાતકની પેઠે સર્વની કામના પૂરતો હતો; ચંદ્રની પેઠે સર્વના મનને આનંદ આપતો હતો અને કામદેવની પેઠે સર્વના હૃદયમાં વસી રહેલો હતો. નીતિશાસ્ત્ર અને અને બીજી વિદ્યામાં ઉત્તમ પ્રકારની કેળવણી લઇ નિપુણ બન્યો હતો. તે કોઇ વેળા વિદ્યાવિનોદમાં તો કોઇ વેળા સંગીત પ્રસંગમાં, કોઇ વેળા મૃગયામાં તો કોઇ વેળા નિશાન પાડવામાં, કોઇ વેળા મિત્રમંડળમાં તો કોઇ વેળા જનસમાજમાં પોતાનો કાળ ગાળતો હતો; તેમજ વખતો વખત રાજકાજમાં પિતાને સહાય પણ આપતો હતો.

એક દિવસ પાછલી રાતનો સમય હતો, ચંદ્રમાનું પ્રતિબીંબ અસ્તાચળ ઉપર જવાને તૈયાર થયું હતું, પાછલી રાત્રીની ઝાકળને લીધે

કમળમાંથી પરાગ પસરી રહી હતી, તેથી તેમાં સુતેલા મધુકરોનાં ચરણો ચોટી જવાથી તેઓ ચોતરફથી ગુંજારવ કરી પ્રભાતગીત ગાવા લાગ્યા. મેનાંઓ મધુર શબ્દો કરી પતિપાસે સુતેલી પ્રમદાઓને જગાડવા માંડી, વિદ્યાર્થીઓ જાગૃત થઇ પાઠ કરવા લાગ્યા, શેરીઓમાં ભકતોથી ગવાતાં પ્રભાતીઆં કાને પડવા લાગ્યાં, દધિમંથનના શબ્દો સંભળાવા લાગ્યા, અને આખી રાત્રી દંપતીના વિલાસને જોઇને હલકાઇ પામેલા દુર્જનોની પેઠે દીવાઓ પણ ઝાંખા થઇ ગયા. શય્યામંદિરમાં કરેલી પુષ્પ સામગ્રી કરમાઇ ગઇ. પતિનો વિરહ થશે એમ ધારીને પ્રમદાઓ મનમાં ખિન્ન થવા લાગી અને પ્રભાતનો મંદ મંદ પવન વાવા લાગ્યો. આ વેળા કંદર્પકેતુને સ્વપ્નું આવ્યું, અને એક અઢાર વર્ષની નવયૌવના સર્વાંગસુંદરી તેની નજરે પડી.

તેના મસ્તક ઉપર નાગની ફેણ જેવો કેશકલાપ શોભતો હતો, પોપટની ચંચુને પણ એક

કોર મૂકે તેવી નાસિકા હતી, દાડિમની કળીસા દાંત હતા, પરવાળાંનો પણ અનાદર કરાવનારા રાતા રૂપાળા ઓષ્ટ હતા. હડપચીપર આવી રહેલા તલે તો જગતને જાણે મોહિત કરી નાખ્યું હતું. મોટ મોટા યોગિયોનાં મનને પણ મથન કરનારાં અને હાથીનાં કુંભસ્થળ જેવાં ઉત્તમ સ્તન હતાં. કટી કેસરી જેવી હતી. મુખ ચંદ્રમા જેવું હતું. શરીર માંસથી ભરેલું અને બાંધી ઘ-ડીનું હતું. ટુંકામાં કહીએ તો તે જાણે જગતરૂપી ભીંત ઉપર ચિત્રેલી હોય, ત્રણ લોકના રંગને રહે વાની ખાસ ભૂમિ હોય, યૌવનરૂપી યોગીએ રસાયનથી સિદ્ધ કરેલી શૃંગાર રસની મૂર્તિ હોય, ત્રણ જગતનો વિજય કરનારી કામદેવની પતાકા હોય, ઇંદ્રિયોને મથન કરનારૂં વશીકરણ ચૂર્ણ હોય, સૌંદર્યનું વિહારસ્થાન હોય, કામદેવરૂપી ગારૂડીકની નજરબંધી વિદ્યા હોય, અને ત્રિભુ-વનને મોહિત કરનારી વશીકરણ વિદ્યા હોય તેવી દેખાતી હતી.

રાજા તે સુંદરીને જોતાંવેતજ આશો બની ગયો. રંકને નિધિ મળ્યો હોય ને તે જેમ પ્રસન્ન થાય, તેમ તે હર્ષ સાગરમાં ડૂબી ગયો. પછી હર્ષ પ્રફુલ્લ થયલાં નેત્રોવડે તે સુંદરીના તરફ દૃષ્ટિ કરે છે, એટલામાં તો નિંદ્રાદેવીને જાણે ઈર્ષા આવી હોય તેમ તેનો ત્યાગ કરયો. સ્વપ્નું સ્વપ્નાને ઠેકાણે રહ્યું અને રાજાની બંને આંખો ઉઘડી ગઇ. ફરીથી આંખો મીંચી ગયો, પરંતુ હવે શું થાય ? બાજી હાથમાંથી ગઇ તે ગઇજ ! ફરીને પ્રયત્ન કરતાં પણ તે દ્રષ્ટિયે ન પડી, તેથી રાજાના મનમાં અત્યંત સંતાપ થવા માંડયો. જાણે ઝેરના સરોવરમાં ડુબી ગયો હોય, અથવા જાણે દુર્જનોનાં દુષ્ટ વચનોનો ભોગ થઇ પડયો હોય તેમ તે ઉદાસીન થઇ ગયો.

પ્રભાત થતાં ચાકર નફરો રાજાની સેવામાં તાંબુલાદિક લઇને હાજર થયા, પરંતુ કોઇના તરફ કંઇ પણ લક્ષ તેણે આપ્યું નહિં. સ્નાન આહાર-વિહાર સર્વ વૈભવનો ત્યાગ કરી આંખો

મીંચીને તે દિવસ શયનમંદિરમાં ગાળી નાંખ્યો; અને સ્વપ્નામાં સુંદરીનો સમાગમ થશે, એવા વિચારથી રાત પણ તેમજ ગાળી કહાડી.

તે રાજકુમારને મકરંદ નામે મિત્ર હતો; તેની સાથે રાજકુમારને ગાઢ મિત્રતા હતી. એકમેકને એટલી તો પ્રીતિ હતી કે, એક બીજા પુછ્યા વિના પાણી પણ પીતા નહિં. રાજકુમાર જોકે શાણો હતો, તોપણ ડહાપણમાં કે વિવેકમાં મકરંદ કરતાં ઉતરતો હતો. મકરંદ નિત્ય નિયમ પ્રમાણે પોતાના મિત્રને મળવા માટે ગયો, તો તેની આવી કામાધીન દશા જોવામાં આવી. તેણે એક બે વાર હાંક મારીને કહ્યું, પરંતુ કંદર્પકેતુએ કશો ઉત્તર વાળ્યો નહિ, તેમ માથેથી વસ્ત્ર ઉંચું કરીને મિત્રનું મુખ સરખું પણ જોયું નહીં. મકરંદ મિત્રની આવી દશા જોઇ દયામણો થઇ તેને ઉપદેશ આપવા લાગ્યો:

અરે મિત્ર! આ તે શું તેં સન્માર્ગ અંગી-
કાર કરયો છે? તમારાં આ દુષ્ટ ચરિત્રો
જોઇને મોટા પુરૂષો વિચારમાં પડી ગયા છે.
ગુરૂજનનો ઉપદેશ ક્યાં ગયો? શાસ્ત્રનો વિચાર
છેક આ દશાને પહોંચ્યો? ક્ષુદ્ર વિષયો તરફ
એકદમ રાચી જવું, એ મહા પુરૂષોનો ધર્મ
નથી. દુર્જનો, કે જેઓ હમેશાં પરનું છિદ્ર
જોવાને આતુર હોય છે, તેઓ આ વખતે
પોતાનું વેર સંપૂર્ણ રીતે વાળશે. કેમકે, પરનું
બુરૂં કરવું, એજ તેઓ પહેલું કામ ગણે છે.
બીજાઓનું અશુભ કરવામાં આનંદ માને છે.
ખળના ઉપર અનંત ઉપકારો કર્યા હોય,
તોપણ તે નિંબની પેઠે પોતાની કડવાસ છોડતા
નથી. તાડીનો રસ પ્રથમ જેમ મધુર હોય છે,
પરંતુ પાછળથી નિઃસવાદ થઇ જાય છે, તેમજ
ખળ પુરૂષનો સ્વભાવ શરૂઆતમાં મધુરતા
દર્શાવે છે, પરંતુ પરિણામે નિરસ થઇ પડે છે.
શિયાળની પેઠે લોકોને વિશ્વાસ આપીને છેતરે

છે; તે કાષ્ટની પેઠે પોતાના કુટુંબનો નાશ કરવામાંજ કુશળ હોય છે; અને કોઇનું પણ સહજ છિદ્ર જોઇ તેને મોટું રૂપ આપી દે છે. એવોજ તેનો ખાસ સ્વભાવ હોય છે; પરંતુ સજ્જનો તેથી જુદાજ પ્રકારના હોય છે. તેઓ દોષને પણ ગુણ રૂપે ગ્રહણ કરે છે. તેના અંતઃકરણમાં દોષનો લેશ માત્રપણ હોતો નથી; સત્પુરૂષો પોતાના સહવાસી જનને અગાધ આનંદ આપે છે. તમો પણ એક સુજ્ઞ પુરૂષ છો, અને મારા મનને આકર્ષણ કરો છો; પરંતુ તેમાં કાંઇ નવાઇ નથી.

જડ-ચૈતન્ય રહિત પદાર્થો પણ પોતપોતાના સ્નેહીને જોઇને આકર્ષાયછે, ત્યારે ચેતન પ્રાણીઓ એકબીજાને માટે આકર્ષાય એમાં કંઇ આશ્ચર્ય નથી. મધુરતા, શીતળતા, પવિત્રતા, તથા શાંતિકારક જળજ ગુણોને લીધે ઉત્તમ છે. આમ ધારીને દૂધે તેની સાથે મિત્રતા કરી અને તેના સમાગમથી વૃદ્ધિ પામ્યું. તેમજ દૂધને

જ્યારે બળવાનો સમય આવ્યો, ત્યારે પાણીએ પણ તેના નાશની પહેલાં અગ્નિમાં ઝંપલાવ્યું. આનું નામ તે સજ્જન.

પ્રિયમિત્ર! તમે પણ સજ્જન સ્વભાવને અંગીકાર કરો. સમય ઉપર સજ્જન પુરૂષ પણ દિગ્મૂઢ થઇ આડે માર્ગે ચ્હડી જાયછે, પરંતુ પોતાના મિત્રોની આગળ ખુલાસો કરતાં પાછા પોતાના સ્વભાવમાં આવે છે.

કામથી વ્યાકુળ થયેલા કંદર્પકેતુએ મિત્રનું કહેવું સાંભળીને ઉત્તર આપ્યો કે, મિત્ર! આ વેળા મારૂં અંતઃકરણ અત્યંત વ્યાકુળ થયું છે. મને મારા શરીરનું પણ બિલકુલ ભાન નથી. દેહમાં દાહ થાય છે. આંખે અંધારાં આવે છે, જેથી આ સમય ઉપદેશ કરવાનો છે. મારાં સર્વ અંગો રંધાઇ જાય છે, ઇંદ્રિયો ઉકળે છે, ગાત્રો તૂટે છે, પ્રાણો જવાની તૈયારીમાં છે, વિવેકનો લેશ પણ રહ્યો નથી, સ્મરણ શક્તિ સમૂળગી નાશ થઇ ગઇ છે. તું બાળપણથી મારી

સાથે રમનારો મારા સુખ દુઃખનો અનુભવી અને બાળમિત્ર છે. મને કહેવા દે કે આપણે ધુલીમિત્ર* છીએ, માટે જો ખરેખર મિત્રધર્મ જાળવવો હોય તો મારી સાથે પરદેશ ચાલ. મકરંદે કહ્યું : ઠીક છે. જ્યાં તમે ત્યાં હું. તમારા કરતાં મારે કોઇ પણ અધિક નથી. આવતી કાલે મધ્યરાત્રે છાનામાના શહેર બહાર નીકળી પડશું. પરંતુ આ વાર્તા કોઇને કહેવી નહિ. આટલું કહી મકરંદ પોતાને ઘેર ગયો.

વળતે દિવસ મધ્યરાત્રી થઇ કે મકરંદ રાજકુમારની પાસે આવ્યો. રાજકુમારે બે ઘોડાઓ ઉપર જીન નાખી તે ઉપર સોના મહોરની થેલીઓ લાદી. તૈયાર કરી રાખ્યા હતા. માત્ર મકરંદનીજ ખોટી હતી, તે આવ્યો કે તુરતજ એક ઉપર પોતે ને બીજા ઉપર મિત્રને સ્વાર થવા કહ્યું. બંને સ્વાર થયા પછી રાજમહેલને પાછલે બહારણેથી કિલ્લા તરફનો જે ભાગ પડી

* સંગાથે ધુળ ચુંથનારા—રમનારા.

ગયેલો હતો, તે રસ્તેથી શહેર બહાર નીકળીને રાતોરાત ઘણા ગાઉ નીકળી ગયા. આગળ જતાં આકાશ સાથે વાતો કરતાં શિખરોવાળો વિંધ્યાચલ પર્વત તેઓની દૃષ્ટિયે પડયો. કોઇ ઠેકાણે ગુફામાં સુખે શયન કરનાર વિદ્યાધરોનાં જોડાંઓનાં ગાયનનો સ્વર કાને પડતો હતો, કોઇ જગ્યાએ કોયલના ટૌકાઓ સંભળાતા હતા, કોઇ જગ્યાએ વહેતાં ઝરણાના ખળખળાટ કરતા શબ્દો કાન ઉપર અથડાતા હતા, કોઇ જગ્યાએ કેસરી સિંહની ગર્જનાઓમાંથી પર્વત આખો ગાજી ઉઠતો હતો, કોઇ જગ્યાએ શુક સારિકાના મધુર ધ્વનિ સાંભળવામાં આવતા હતા. આસપાસ આંબા, વડ, પીપર, અશોક, આંબલી, સાગ, તાલ, તમાલ વગેરે વૃક્ષોની ઘાટી ઘટા આવી રહી હતી. દ્રાક્ષના માંડવા મધુકરના ગુંજારવથી ગાજી રહ્યા હતા; અને તળેટીના પ્રદેશમાં તથા શિખરો ઉપર કેટલાંક દેવમંદિરો હારબંધ હતાં, તે સર્વ પર્વતની

શોભામાં વધારો કરતાં હતાં. પતિપ્રાણા પ્રિયાની પેઠે વિંધ્યાચલને આલિંગન કરી પડી હોય તેમ એક તરફ નર્મદા નદી વહેતી હતી. કેતકીનાં પુષ્પનો પરાગ પડવાથી તેનું જળ જરા પીળા રંગનું થઇ ગયું હતું. કયાંક હંસ, સારસ, જલકુકડીઓ તથા બતકો પાણી ઉપર તરતાં હતાં, કોઇ ઠેકાણે સ્નાન કરતા હાથીઓ સુંઢમાં જળ ભરીને આકાશ તરફ ઉછાળતા હતા, અને કોઇ ઠેકાણે સંન્યાસીઓ સ્નાન કરીને પોતાનાં કમંડળો ભરતાં તેના ભક ભક અવાજ થતા હતા. કોઇ ઠેકાણે ટીટોડીઓના ધ્વનિ કાને પડતા હતા, કોઇ ઠેકાણે માછલાંઓને પકડવા માટે નાળામાં છુપાઇ છુપાઇને ધીરે ધીરે ચાલતા બકભક્તો જોવામાં આવતા હતા.

વનની આવી અવર્ણ્ય શોભા જોતા જોતા બન્ને મિત્રો વિંધ્યાચળની ખીણોમાં દાખલ થયા, કે તરતજ સિંહની ગર્જના તેઓના સાંભળવામાં આવી અને તુરતજ એક સિંહ,

હાથીની પુંઠે પડેલો મકરંદના જોવામાં આવ્યો. તેણે પોતાના મિત્રને હાક મારી કહ્યું કે: મિત્ર કંદર્પ જો! આ કેસરી સિંહે પોતાનો પાછલો ભાગ સંકોચી લીધો છે. આગળનો ભાગ વધતો બહાર કહાડયો છે, અને પુછડું ઊંચું કરી કેશવાળીને કેવી સ્થિર કરી છે? દાંત કચકચાવીને કેવો તે હાથીની પાછળ પડયો છે? અરેરે! વળી આ બીજો સિંહતો છેક હાથીના કુંભસ્થળ ઉપર ચ્હડી બેઠો છે.

આમ મિત્રને વનની શોભા દર્શાવતો તથા પોતે જોતો જોતો કંદર્પકેતુ સાથે આગળ ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં બંને જણ એક વિશાળ મેદાનમાં જઇ પહોંચ્યા, ત્યાં કેટલાંક વડનાં ઝાડોની ઘટા વચ્ચે એક મોટું જાંબુનું વૃક્ષ હતું, તેની શીતળ છાયાતળે બંને મિત્રોએ વિશ્રામ કર્યો.

પછી મકરંદે પાસેના ઝરામાંથી પાણી લાવીને રાજકુમારને આપ્યું. રાજકુમાર મુખ

થોઇ સ્વસ્થ થઇ બેઠો, તેટલામાં મકરંદ પાસેના વનમાંથી ફળફુલ લાવ્યો; અને તે રાજકુમાર પાસે ધર્યું. રાજકુમારે કહ્યું કે, મારૂં મન બહુજ મુંઝાય છે; મકરંદે તેને આગ્રહ કરીને ફળફુલ ખવરાવ્યાં અને પોતે પણ ખાધાં. ત્યારપછી બન્ને જણા ઝાડ નીચે વિશ્રામ લેતા લોટવા લાગ્યા.

થોડીવાર થયા પછી ભગવાન્ સૂર્યનારાયણ અસ્ત થયા, એટલે મકરંદે પુષ્પ તથા પાંદડાંઓ લાવીને તેની એક પથારી કરી; જેમાં એક બાજુ કંદર્પકેતુ સુતો, અને બીજી બાજુ મકરંદ સુતો. આખા દિવસના થાકેલા હતા, પણ જંગલ ભયંકર હોવાથી જાગતા સુતા હતા. અર્ધ રાત્રિનો સમય થયો, સર્વત્ર શાંતિ ફેલાઇ ગઇ અને જળપણ જંપી ગયું, તે વેળા જાંબુના ઝાડની ટોંચ ઉપર શુક-સારિકા વચ્ચે કોલાહલ થવા માંડ્યો, તે સાંભળીને કંદર્પકેતુ, કે જેનું મન સ્વપ્નામાં જોયેલી સ્ત્રીને માટે આ-

તુર હતું, તેથી તે જાગતોજ હતો, તેણે મકરંદને હાક મારીને કહ્યું કે, મિત્ર! સાંભળતો ખરો, આ શુકસારિકા શું કહે છે?

સારિકા શુકના ઉપર ગુસ્સે થઇને બોલી કે, તમે રોજ આટલા મોડા આવો તે ઠીક નહિ. હું તમારાં સર્વ ચરિત્રો જાણી ગઇ છું, કોઇ બીજી સારિકા બારિકા કરી છે કે શું? હવે તમારો પ્રેમ મારા ઉપર કંઇક ઓછો લાગે છે. તે સાંભળીને શુકે કહ્યું કે,

પ્રિયા! એમ બોલવું એ અણઘટતું કહેવાય. જાણ્યા શિવાય કોઇપણ વાતનો દુરાગ્રહ કરવો, એ મૂર્ખનું લક્ષણ છે. આજતો મેં એક અત્યંત નવાઇ જેવી વાત સાંભળી છે; ને તે પ્રત્યક્ષ જોઇને હું આવ્યો. આજે વિલંબ થવામાં એજ કારણ છે. સારિકાને પણ તે સાંભળવાની ઉત્કંઠા થઇ; અને તેણે પોપટને તે કહેવાનો આગ્રહ કરયો. તે ઉપરથી શુક બોલ્યો કે:—

ગંગાનદીનાં પવિત્ર તીર ઉપર કુસુમપુર

નામે એક નગર છે; જ્યાં દેવ દૈત્યોથી વંદાતાં, શુંભ-નિશુંભનો નાશ કરનારાં, જેનું બીજું નામ વેત્તાલા છે, એવાં ભગવતી ભવાની બિરાજે છે. જેના મંદિરના પગથાળો ગંગાની ઉછળતી છોળો સાથે નિરંતર અથડાયા કરે છે. આ પ્રમાણે તે નગર જેમ તીર્થ તરિકે પ્રખ્યાત છે, તેમજ સંપત્તિમાં પણ સુપ્રસિદ્ધ છે. તેમાં હવણાં શૃંગારશેખર નામે રાજા રાજ્ય કરે છે; જે બળવાન, વિવેકી, ઉદાર, દયાળુ અને વિદ્યાવિલાસી છે. તે રાજાની મુખ્ય પટરાણીનું નામ અનંગવતી છે; જે રૂપ તથા ગુણમાં હિમાલયની પુત્રી પાર્વતીના જેવી છે.

ઘણી રાણીઓ છતાં રાજાનું મન આ રાણીપર વિશેષ ઠરે છે. પતિને યોગ્ય કાર્યમાં યોગ્ય સલાહ આપી, તેને રંજન કરવો એજ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે. તે ધર્મરહિત સ્ત્રી, નારીના વર્ગમાં ગણાતી નથી. અનંગવતીમાં ચતુરાઇ-સાથ આ કીંમતી ગુણો વિશેષ હોવાથી તેણે

રાજાને વશ કરયો છે. કેટલાક દિવસો તો તે બન્ને જણાએ નિઃસંતાન હોવાથી શોકમાં કાઢયા હતા, પરંતુ ઇશ્વરે તેને છેવટે એક કન્યારત્ન આપ્યું; હાલ તે કન્યા અઢાર વર્ષની થઇ છે. તે વિદ્યા કળામાં ઘણીજ નિપુણ છે, અને રૂપ તથા ગુણ તેમાં સહોદર થઇને વસે છે. પિતાએ તેનું લાડકવાયું નામ **વાસવદત્તા** પાડયું છે, અને તે તે નામને છાજે તેવી છે.

એક વેળા હેમંતઋતુ ઉતરવા આવીને વસંતનો પ્રારંભ થયો હતો. આંબાની ડાળીઓમાં મોર ફુટી નિકળ્યા હતા. તેના મધુર રસથી મત્ત થયેલા ભ્રમરાઓએ ચોમેર ગણગણાટ કરી મૂકયો હતો. આંબાના અંકૂરોનો નવરસ પીધાથી મધુર કંઠવાળી કોયલો કૂ કૂ કૂ કૂ કરી ટૌકા કરતી હતી. બકુલ, પુન્નાગ, પાટલા, ખાખરા વગેરે વૃક્ષો પુષ્પિત થઇ રહ્યાં હતાં. નગરની સીમાઓ લીલી છમ ઘઉંની ડુંડીઓથી હરિયાળી થઇ રહી હતી. વૃક્ષોએ જીર્ણ પત્રોનો

ત્યાગ કરીને નવપલ્લવ ધારણ કરતાં હતાં; અને દક્ષિણનો સુગંધી તથા શીળો પવન મંદ મંદ વાતો હતો.

આવા સમયમાં કોઇએક દિવસે વાસવદત્તા પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં વસંતોત્સવ જોવામાટે ગઇ હતી; જ્યાં કોઇ લતા આમ્ર ઉપર લટકતી હતી, તો કોઇ ચંદન વૃક્ષને આલિંગીને ઉભી હતી. કોઇ ઠેકાણે કોયલો હૃદયવેધી શબ્દો કરતી હતી, તો કોઇ ઠેકાણે ભ્રમરાઓ ગણ-ગણાટમાં કામનું રહસ્ય પ્રગટ કરતા હતા.

આ સર્વ જોઇને વાસદત્તાના નિર્દોષ મન ઉપર દુનયાદારીના વિકારે અસર કરી અને મનની અસર તન ઉપર થઇ. તે મુગ્ધા હતી છતાં ભણેલી હોવાથી કુશળ હતી. તેણે વાત-ચિતનો પ્રસંગ નિકળતાં પોતાનો વિકાર ગુપ્ત રાખીને હૃદયનું હાર્દ રૂપાંતરે જણાવવા માટે પોતાની સખીઓને કહ્યું કે, મિત્ર સખીઓ! આ સંસારમાં દૃષ્ટિ કરતાં સર્વ વસ્તુઓ

જોડાંરૂપે દેખાય છે. કોઇ પણ વસ્તુ એકલી હોય તેમ નથી. વૃક્ષાદિક જડ પદાર્થોમાં પણ યુગ્મરૂપ જોવામાં આવે છે, ત્યારે મનુષ્યોમાં જોડાં હોય તેમાં તો આશ્ચર્યજ શું ? ખરેખર સંસારનો લહાવો લેવો, તે એકથી લઇ શકાતોજ નથી. પુરૂષ ધારે કે મારે એકલાં રહીને સંસારસુખ ભોગવવું અને સ્ત્રી પણ તેમજ ધારે, તો તેઓ એક એકના વિના લેશ પણ સુખ ભોગવી શકે નહિ. એક પૈડાંથી જેમ રથની ગતિ થતી નથી, તેમજ સંસાર રથ પણ બે વિના ચાલી શકતો નથી. સ્ત્રી પુરૂષને અને પુરૂષ સ્ત્રીને સહાય કરેછે, તેથી પરસ્પરનો વ્યવહાર સુખમાં વ્યતિત થાય છે. હું રાજપુત્રી છું. જોઇયે તે વસ્તું મને મળે તેમ છે. છતાં એક સુખની ઓછપથી સઘળું અકારૂં લાગે છે. સંસારનો ખરો લ્હાવો પતિ સિવાય મળતોજ નથી. જો તો પેલી વનજ્યોત્સ્ના આંબાના ઝાડસાથે કેવી ઝુલે છે ? આ માલતી પણ

અશોકને કંઠે કેવી વળગી પડી છે? આ ચંદન વૃક્ષને વરેલી અમૃતવલ્લી ખરે ભાગ્યશાળી દેખાય છે! ત્યારે શું હુંજ આ જગતમાં અભાગિણી છું? શું યોગ્ય પતિ મારે માટે નથી. આવા જડ વનવાસીઓના કરતાં પણ મારાં ભાગ્ય શું ઉતરતાં છે? તે સાંભળીને તેની સખી **લવિંગિકા** બોલી: ઓ બેન, તું શા માટે ઓછું આણે છે? પિતાજી તારે માટે યોગ્ય વરની શોધખોળમાંજ છે. હમણાજ મેં સાંભળ્યું છે કે થોડા દિવસમાં તારા લગ્ન માટે રાજાજી સ્વયંવર કરવાના છે; અને તેમાં દેશ-દેશના રાજાઓને નિમંત્રણ કરી બોલાવશે.

વાસવદત્તા—મેં પણ તેવુંજ કંઇક સાંભળ્યું છે! એક દિવસ પિતાજી મારાં માતુશ્રીની પાસે વાત કરતાં કરતાં બોલી ગયા કે આપણી પુત્રી હવે મ્હોટી થઇ છે, માટે તેને પરણાવવી જોઇએ. તે વેળા મારી માતાએ કહ્યું કે, ઠીક; પણ કોઇ યોગ્ય વર જોજો. લાકડે માંકડું

વગાડવાનું કરશો મા; કારણ કે રાજાઓ બહુધા મ્હોટા રાજાઓ ઉપર લોભાઇને તેમને ત્યાં કન્યાને નાખે છે, પણ વર તરફ જોતા નથી. આ ઉપરથી મારા પિતાએ કહ્યું કે મારો તેવો વિચાર નથી. હું તો સ્વયંવર કરવાનો છું. આ વાતચિત સાંભળતી હતી, તેટલામાં મારા ઉપાધ્યાય (ગુરૂ) આવ્યા એટલે હું ભણવા માટે બીજા ઓરડામાં ગઇ.

લવિંગિકા—ઠીક. હમણાં ભણવામાં શું ચાલે છે? "જાનકીપરિણય" વાંચતાં હતાં, તે તો તે સંપૂર્ણ થયું હશે.

હા! હમણાં હું "લલિતસૌદામિની" અને "કિરાતાર્જુનીય" વાચું છું. ઉપરાંત વ્યાકરણમાં "કૌમુદી" પૂર્ણ થઇ છે.

આમ વાતચીત કરે છે, એવામાં રાજાનો સિપાઇ આવ્યો અને રાજકન્યાને સલામ કરીને બોલ્યો કે, આપને માતાજી બોલાવે છે, માટે જલદી પધારો. એ સાંભળી વાસવદત્તાએ

લવિંગિકાને કહ્યું કે, આજતો આપણે વાતમાં એટલાં તલ્લિન થયાં કે વખતની પણ ખબર રહી નહિ. હમણાં છેક સાંઝ પડવા આવી છે, અને લોકો પણ રફતે રફતે બાગમાંથી વેરાવા લાગ્યાં છે. માટે હવે તો હું મારે ઘેર જઇશ. જેમ માતાને મળવાની જરૂર છે, તેમ મારી પ્રાણપ્રિયા તમાલિકા નામની સારિકાની પણ સંભાળ લેવાની છે. તે બિચારી મારા-વિના એકલી ટળવળતી હશે.

"બેન ! હવે જાઇશ." આમ કહી લવિંગિ-કાને ભેટી કરી રથમાં બેઠો અને તુરતજ રાજ-મહેલ તરફ રવાના થઇ. રસ્તે જતાં મનમાં અનેક વિચારો આવ્યા તેથી રસ્તો પણ જણા-યોજ નહિ અને આંખ વીંચીને ઉઘાડે, એટલી વારમાં રાજમહેલ આવ્યો. રથમાંથી ઉતરી અંદર જઇ માતાને પ્રણામ કરી તમાલિકાની પણ તુરતજ સંભાળ લીધી.

રાજા શૃંગારશેખરે પોતાની સ્ત્રીદ્વારા પુત્રીનો અભિપ્રાય જાણ્યો હતો. પુત્રી ભણેલી ને વિદુષી હતી, માટે તે અણદીઠ વરને વરવું પસંદ કરતી નહતી. તેનો વિચાર ગુણની પરીક્ષા કરીનેજ વરવાનો હતો. રાજા પણ જાતે વિદ્વાન્ અને ગુણવાન્ હતો, તેથી કન્યાનો મનોરથ સિદ્ધ થવામાં અડચણ જેવું ન હતું. તેણે દેશોદેશના રાજાઓને નિમંત્રણ પત્ર મોકલી સ્વયંવર મંડપમાં પધારવા સૂચના કરી. શહેરમાં એક ભવ્ય મંડપ ઉભો કર્યો. અને આગંતુક માટે ઉતરવાને જુદાંજ મકાનો રાખ્યા હતાં; તથા ખાનપાનાદિક ભરાવી રાખ્યું હતું. આથી મિજમાનોને ઘણી અનુકૂળતા થઇ પડી. લગ્નના મુકરર કરેલા દિવસની આગમચ પાંચ વાનાં (દિવસ) પહેલાંથી રાજશ્રી મંડળ આવવા લાગ્યું, તેને રાજ તરફથી યથોચિત આદર સત્કાર કરી ઉતારવામાં આવ્યું. લગ્નના આગલા દિવસસુધીમાં જે આવવાના હતા તે આવી

પહોંચ્યા; અને આખું શહેર આનંદોત્સવથી ઉભરાઇ ગયું.

લગ્નને દિવસે નાહી ધોઇ સ્વચ્છ વસ્ત્રો તથા આભૂષણો પહેરીને રાજાઓ ધીરે ધીરે સ્વયંવર મંડપમાં દાખલ થવા લાગ્યા. ઠરાવેલો સમય થતાં તો આખો મંડપ રાજાઓથી ચિકાર ભરાઇ ગયો. બેઠકો ગોળાકાર ગોઠવેલી હતી. તેઉપર રાજાઓ બેઠા અને ઉત્તર દિશા તરફ એક મંચ ઉપર શૃંગારશેખર રાજા બિરાજ્યો. સમય થયા છતાં પણ કન્યા આવી નહોતી; કારણ તે શૃંગાર સજતી હતી. આ સમયનો લાભ લઇને શૃંગારશેખરે આગંતુ રાજાઓ તરફ વળીને પોતાનો હેતુ દર્શાવતાં કહ્યું કે– મારા મિજમાનો! તમે મારે ત્યાં પધારીને મંડપને જે શોભા આપી, તેથી હું તમારો ઘણોજ આભારી થયો છું. મારે ત્યાં લગ્ન પ્રસંગમાં તમે શુભ આશાથી આવ્યા છો પણ તેમાં સફળ થવું કે નિષ્ફળ થવું, એ દૈવાધીન છે.

દૈવાધીન બાબતમાં સમજુ માણસો ક્રોધ કરતા નથી.

'વિવાહ' શબ્દને સહુ કોઇ જાણે છે, પરંતુ તેના ખરા રહસ્યને ઘણાઓ સમજતા નથી. લગ્ન એ સંસારનો મૂળ પાયો છે. માતાપિતા સંસારનાં સુખ ફળ લેવામાટે ભવિષ્યમાં જેમના ઉપર આધાર રાખે છે, તેમને યોગ્ય ઠેકાણે પાડવામાટે જોઇયે તેટલી કાળજી ધરાવતાં નથી. કદાચ કહેશો કે તેઓ કાળજી ધરાવે છે, કારણ કે ધનવંતો જોઇને કન્યા આપે છે; તેમજ વરવાળા પણ ધનવંતને ત્યાં વરાવે છે; તે વાત ખરી છે. પરંતુ પરિણામે સંસાર સુખતર નિવડવો એ વર-કન્યા ઉપર આધાર રાખે છે. વર કન્યાના સ્વભાવ પરસ્પર મળતા ન હોય તો—એટલે કે બેમાંથી એક વિદ્વાન્ અને બીજું મૂર્ખ હોય તો—બન્ને વચ્ચે ભિન્નતા રહેવાથી તેનું પરિણામ માઠું આવે છે; અને કદાચ સવત્ર સારૂં આવે છે, તો પણ ધાર્યા કરતાં

ઉત્તમ તો આવતુંજ નથી. આજકાલ એવા વિવાહથી ઘણે ઘેર વરઓળા થતા જોવામાં આવે છે; એટલામાટેજ માતાપિતાએ ગુણો તપાસીને પછી તેઓ વચ્ચે પવિત્ર પ્રેમ ગાંઠ જોડવામાટે પ્રયત્ન કરવો. શાસ્ત્ર પણ કહે છે કે "જ્યાં પરસ્પર પ્રેમ હોય છે, ત્યાંજ સંસાર સુખરૂપે ચાલે છે." અને તેટલામાટે વરના ગુણો જોવાની તક જેવી સ્વયંવરમાં મળે છે, તેવી તક બીજા વિવાહોમાં મળતીજ નથી. હું માત્ર ગંધર્વ લગ્નને તે લગ્નથી જુદું ગણું છું. કારણ કે તે પણ સ્વયંવર જેવુંજ છે. લગ્ન એ પણ એક ઇશ્વરી ફરજ છે; અને સંસારી તથા પરલોકીક કાર્ય કરવા માટે મનુષ્યોને પરણવાની ધર્મશાસ્ત્રકારોએ ફરજ પાડી છે. કેટલાંક એવાં ધર્મકાર્ય છે કે જે એકલા પુરૂષથી કરી શકાતાં નથી; પણ સ્ત્રી પુરૂષથી કરી શકાય છે. એટલા માટે લગ્ન એક ધર્મ કર્મ કરવામાં સહાયક છે.

ભગવાન્ મનુએ લગ્ન સંબંધે વિચાર કરતાં કહ્યું છે કે વિવાહના આઠ ભેદ છેઃ– કન્યાને શણગારી જમાઇને જે કન્યાદાન આપવું, તેને દેવ લગ્ન કહે છે; વરપાસેથી એક કે બે ગાય બળદ લઇને કન્યા આપવી તેને આર્ય લગ્ન કહે છે; "તમે બન્ને સુખથી તમારો ધર્મ પાળજો" એમ કહી કન્યાદાન દેવું, તેને પ્રાજાપત્ય લગ્ન કહે છે. ધન લઇને જે કન્યા આપવામાં આવે છે, તેને આસુર લગ્ન કહે છે. વરકન્યા પોતપોતાની ખુશીથી પરણે છે તેને ગાંધર્વ લગ્ન કહે છે; કન્યાનું બલાત્કારથી હરણ કરીને પરણવું તેને રાક્ષસ વિવાહ કહે છે; કન્યા નિદ્રાવશ હોય કે કેફી વસ્તુથી બેભાન દશામાં હોય ત્યારે તેને પરણવી તેને પિશાચ વિવાહ કહે છે. આ છેલ્લો વિવાહ અધમ છે. સારા મનુષ્યો તેનો ધિઃક્કારે છે. તેમજ ભીષ્મે પણ મહાભારતના આદિપર્વના પેટાપર્વમાં કહ્યું છે કે, આપણામાં આઠ પ્રકારના વિવાહો કહ્યા છે,

પરંતુ હું સ્વયંવરને વખાણું છું. કારણકે જ્યારે બીજા વિવાહમાં બહુ ગુણવંતોની પરીક્ષા કરવાનો વખત મળતો નથી, ત્યારે આ સ્વયંવરમાં તે સારી પેઠે મળે છે અને નિપુણ તથા પરાક્રમીને સર્વના સમક્ષ પોતાના ગુણો દર્શાવવાનો સારો અવસર મળે છે. આ પ્રમાણે પ્રાચીન પુસ્તકોમાં વિવાહ સંબંધે બહુ બહુ કહેલું છે અને સ્વયંવરને અધિક માન આપ્યું છે. મેં પણ તમને આ સ્વયંવરમાં મળવાની તસ્દી આપી છે, અને તમારી ધારણામાં પાર પડો, એવી હું ઇશ્વરપાસે પ્રાર્થના કરૂં છું.

ઉપર પ્રમાણે રાજા ભાષણ કરી રહ્યો, એટલામાં રાજકન્યા, જે અત્યારસુધી સણગાર સજતી હતી, તે તૈયાર થઇ કેટલીક ચતુર અને વિદ્યાવિલાસી દાસીઓ સાથે મિયાનામાં બેસી રાજમંડપમાં દાખલ થઈ. પિતાજીને પ્રણામ કરી ઉભી રહી. રાજાએ કહ્યું: બેટા! સર્વ રાજાઓ રાજમંડપમાં બિરાજ્યાછે.

હવે આ વરમાળા લઇને તને પ્રસન્ન પડે તેના કંઠમાં આરોપણ કર.

વાસવદત્તા, પ્રિયવંદાની સાથે એક પછી એક રાજાઓને નિહાળતી ચાલી, તેમ તેમ પ્રિયવંદા તે તે રાજાઓનું વિવેચન કરતી તેની સાથે ચાલવા લાગી. રાજાઓ મધ્યેના કોઇ પોતાનાં વસ્ત્રોને સરખાં કરવા લાગ્યા, કોઇ ખભા ઉપર દુપટ્ટા સિદ્ધા કરવા લાગ્યા, કોઇએ માથાંની બત્તી ટેઢી કરી, કોઇ મુછોપર તાર દેવા લાગ્યા, કોઇ ખોંખારવા લાગ્યા, કોઈ હાથમાંનો તુરો ઉંચો કરી વાસ લેવા લાગ્યા અને કોઈ છાતી કાઢી ટટાર થઇ ઉભા.

આ પ્રમાણે રાજમંડપમાં અનેક ચેષ્ટાઓ થવા લાગી. આ ચેષ્ટાઓ માત્ર પોતાનો દમામ દેખાડવા માટેજ કરવામાં આવતી હતી, પરંતુ વિદ્વાનો કાંઇ તેવા બાહ્યોપચાર ઉપર રાચતા નથી. વિદુષી **વાસવદત્તાએ** આ રાજમંડપમાંથી કોઇને પણ વર તરીકે પ્રસન્ન કર્યોજ નહિ,

કારણ કે પોતાનું મન કોઇના ઉપર ઠર્યું નહિ. પછી તે વરમાળા પિતાના આસનપર મૂકી, પ્રણામ કરી ઉદાસ ચહેરે પાલખીમાં બેસીને આવી હતી, તેમજ સખીઓ સાથે પાછી રંગ-મહેલમાં ચાલી ગઇ; અને રાત્રી ભોજનનો સમય થતાં ભોજન કરી તુરતજ શય્યામાં પોઢી ગઈ. સુતાં સુતાં અનેક વિચારો કરવા લાગી. શું હુંજ અભાગિણી કે મારે નસીબે બ્રહ્માએ કોઇ વર નિર્માણ કર્યો નહિ હોય? આટલા રાજાઓ મળ્યા હતા, તેમાં શું મારાજોગ કોઈ પણ નહતો? ના ના તેમ તો કહી શકાયજ નહિ. માત્ર મારાં ભાગ્ય નહિ હોય. ભાગ્યને નિંદવાં, તેપણ અઘટિત, કેમકે જે થયું તે સારાં માટે કાં નહિ હોય? આવા વિચારના વમળમાં નિદ્રાધીન થઈ ગઇ. છેક પાછલી રાત્રીએ સ્વપ્નામાં તેણે એક નવયૌવન રાજકુમારને દીઠો આ બીજો કોઇજ નહિ, પરંતુ આપણી વાર્તાનો નાયક કંદર્પકેતુ હતો.

વાસવદત્તા તેના અલૌકીક સ્વરૂપ પર મોહી પડી. એટલુંજ નહિ પરંતુ અધીરી થઈ ગઇ. તેને તુરતજ નામઠામ પુછતાં. ઉત્તરમાં રાજ-કુમારે સઘળી હકીકત કહી. પછી રાજ-કુમારને ભેટવા જાય છે, તેવી તેની આંખ ઉઘડી ગઇ, અને પ્રભાત પણ થયું. સ્વપ્નું સ્વપ્નાને ઠેકાણે રહ્યું અને રાજકુમારી પોતાને ઠેકાણે રહી.

જાગૃત થયા પછી વિચાર કરવા લાગી કે અહો! બ્રહ્મામાં રૂપ નિર્માણ કરવાની કેટલી બધી શક્તિ છે, તે આ પુરૂષને પ્રકટ કરવાથી જણાય છે. તેણે સર્વ સુંદર પદાર્થોમાંથી સાર ખેંચીને પોતાની નિર્માણ કુશળતાની મર્યાદા બતાવવા માટેજ આ પુરૂષ પ્રગટયો હશે. નહિ તર આવું સૌંદર્ય કયાંથી? દમયંતીએ નળ-રાજા માટે વ્યર્થજ વનવાસ દુઃખ સહન કર્યું હતું. ઇંદુમતી અજ ઉપર વ્યર્થજ પ્રેમ ધરા-વતી હતી, શકુંતલાએ પણ દુષ્યંતને માટે

દુર્વાસાના શાપને વ્યર્થજ અનુભવ્યો. મદનમંજરી નરવાહનદત્તને ફોકટ ચ્હાતી હતી. કદળીના સ્તંભસમાન જંઘાવાળી રંભાનામની અપ્સરા નળકુંવર રાજાને વ્યર્થજ ઇચ્છતી હતી.

આ પ્રમાણે વિલપતી વાસવદત્તા જાણે વિરહાગ્નિમાં દગ્ધ થઇ હોય, અગ્નિની શિખામાં બળી ગઇ હોય, જાણે તો ઉન્મત્ત થઇ ગઇ હોય, બધિર થઇ ગઇ હોય, મૂક થઇ ગઇ હોય, ઇંદ્રિયરહિત થઇ ગઇ હોય, મૂર્છિત થઇ ગઇ હોય, ગ્રહાધીન થઇ ગઇ હોય, મરણદશામાં પ્રાપ્ત થવાને તૈયાર થઇ ગઈ હોય, તેવી થઇ ગઇ. સખીઓને પોતાનો તાપ દૂર કરવા માટે તે કહેવા લાગી:

અલી અનંગલેખા? તારો હસ્તકમળ મારા હૃદયપર મૂક. વિરહતાપ સહન કરવો બહુજ કઠિન છે. હે સુંદરી મદનમંજરી? ચંદનનું જળ મારા શરીર ઉપર સિંચ. અલિ વસંતસેના! મારો કેશકલાપ સરખો કર. અલિ

તરંગવતિ! મારા શરીર ઉપર કેવડાની પરાગનો લેપ કર. અલી મદનમાલિની! સુખડના પંખાથી મને પવન ઢોળ.

સખિજનો વાસવદત્તાની આવી દશા જોઇને તેના શરીરની સંતાપબાધા દૂર કરવા માટે અનેક શિશિર ઉપચારો કરવા માંડી; પરંતુ તેની જરા પણ અસર થઇ નહિ, અને વાસવદત્તા મૂર્છિત થઇ ધરણીપર ઢળી પડી. સખીજનોએ બહુ બહુ ઉપચારો કરવાથી ઘણીવારે શુદ્ધિમાં આવી; પછી પોતાના મનને આનંદિત બનાવવા માટે થોડો વખત તળાવ ઉપર, થોડો વખત નદીના તટ ઉપર આવેલા ઉદ્યાનમાં, એમ સર્વત્ર સંતાપહારક શીતળ પ્રદેશોમાં ફરી વળી, પરંતુ ક્યાંઇ પણ તેનો તાપ દૂર થયો નહિ.

વાસવદત્તાની વિરહાવસ્થા જોઇને તમાલિકા નામની તેની દાસી, કે જે તેનું બીજું હૃદય છે, તે વાસવદત્તાની સખીઓનો અભિપ્રાય લઇને કંદર્પકેતુની શોધ કરવા માટે મારી

સાથેજ તે શહેરમાંથી નીકળી છે, અને એક ઝાડ-તળે તેણે પોતાનો વિશ્રામ કર્યો છે. આટલું કહીને પોપટ વાર્તા કહેતો બંધ પડયો.

ઉપર પ્રમાણે શુક-સારિકા વચ્ચે થયેલી વાતો સાંભળીને મકરંદ સાનંદ ચિત્તે ત્યાંથી ઉઠીને વાસવદત્તાની સખી તમાલિકા પાસે ગયો અને પોતાની સર્વ વાર્તા તેને નિવેદન કરી. તમા-લિકા મકરંદે કહેલું વૃતાંત સાંભળી હર્ષ પામી; અને તેના હાથમાં એક પત્રિકા આપી. તે પત્ર મકરંદે કંદર્પકેતુને નિચે પ્રમાણે વાંચી સંભળાવ્યો:—

"પોતાના અંતઃકરણનો ખરો અભિપ્રાય જાણનારી સ્ત્રીનું અંતઃકરણ પણ પતિને માટે વહેમ ભરેલું હોય છે. ત્યારે આ તરૂણ સ્ત્રીએ તો તમારા પ્રેમનો સ્વપ્નામાંજ અનુભવ કર્યો છે, માટે તેનું મન દૃઢ કેમ હોય? અર્થાત્ તમે મને ચ્હાતા હો તો અહીં પધારો."

પત્રિકાગત સમાચાર સાંભળીને કંદર્પકેતુ હર્ષમાં આવી ગયો ને શરીર રોમાંચિત થયું. પછી

તે બે હાથ પહોળા કરીને તમાલિકાને આનં-દથી ભેટયો. અને "વાસવદત્તા શું કરે છે? મારામાટે તેનો કેવો અભિપ્રાય છે?" વગેરે સમાચાર પુછ્યા અને પાછા બન્ને સુઇ ગયા. બીજે દિવસ પણ ત્યાંજ ગાળી કાઢયો અને તેટલા વખતમાં વાસવદત્તાનું સર્વ વૃતાંત જાણી લીધું. પછી સાયંકાળનો સમય થયો એટલે તે ત્રણે કુસુમપુરને પંથે પડ્યાં.

એટલામાં ભગવાન સૂર્ય તે વાર્તા કહેવાને જાણે પૃથ્વી ઉપર ઉતર્યા હોય તેમ અસ્ત થયા; ચકલીઓ ધૂળમાં નાહીને ચી ચી કરતી ઝાડોની ટોચો ઉપર જવા લાગી; વૃદ્ધ સ્ત્રીઓ કજીઆ કરતાં બાળકોને કહાણી કહી વિનવવા લાગી; બ્રાહ્મણો નદીઓના તટ ઉપર સંધ્યા કરવા લાગ્યા; અભિસારિકા નાયકાઓ સણગાર સજી ઠમક ઠમક કરતી પતિગૃહ તરફ જવા લાગી. દિવસ છેક નમી જવાથી સાયંકાળ થયો અને સૂર્ય અસ્ત થયા. પ્રકાશ અને અંધકાર બન્નેએ

સ્થળનો વિનિમય કર્યો. પ્રથમતો સર્વત્ર અંધકાર પ્રસર્યો. પછી આકાશમાં તારાઓ ચમકવા લાગ્યા; અને તે પછી ચોતરફ ચંદ્રની ચળકતી ચાંદની પૂર જોસમાં ફેલાઇ ગઇ.

આ વેળાએ અભિસારિકાઓએ પોતપોતાના પ્રિયનાયકો પાસે દૂતીઓને મોકલવા માંડી. તે દૂતીઓ જૂદા જૂદા દ્વિઅર્થી વ્યંગ્ય ભાષણથી નાયકોને ઉપદેશ આપવા લાગી. કોઇ દૂતીએ નાયકની પાસે જઇને કહ્યું કે:—

અરે નાયક! કામમંજરી નામની નાયકાએ જેમ વસુપાળિત નામના નાયકને છેતરીને તેનું સર્વસ્વ લૂટી લીધું હતું અને તેનો તિરસ્કાર કર્યો હતો, તેમજ તમને પણ કૌપીન ભરજ કર્યાં છે. છતાં પણ તમે તમારા ખરા સ્વરૂપને સમજતા નથી? મહર્ષિ મરીચિનો શિષ્ય કામમંજરીથી પોતાનું રક્ષણ કરવા જતાં નિષ્ફળ થયો અને તપશ્ચર્યાદિકમાંથી ભ્રષ્ટ થયો.

તેમજ તમારી પણ દશા થશે; કારણ કે તમે સ્ત્રીનાં ચરિત્ર જાણતા નથી. કીડ જેમ ભ્રમર ભ્રમર કરતાં પોતેજ ભ્રમર થાય છે, તેમજ તમે પણ નીચ સ્ત્રીના સંગથી નીચરૂપ બન્યા છો; અર્થાત્ તમારામાં સ્ત્રીસ્વભાવ દાખલ થયો છે. બીજાઓ તમારાં આ વર્તનને માટે જાણીતા છે; પરંતુ તમે પોતે પોતાને જાણતા નથી. તમે મારી સખીને વચન આપીને હમણાં બીજી સ્ત્રીમાં આસક્ત થયા છો. આ તે તમારૂં વચન કે શું? તમને શું રૂપની પણ પરીક્ષા નથી કે? પરંતુ તમારો વાંક નથી. તે સ્ત્રીએ તમને પ્રેમબંધનથી બાંધેલા હશે, માટે તેમાંથી તમે કેમ છૂટા થઇ શકો? તે સ્ત્રી તમને ધન તથા વિવિધ વિલાસોથી મોહિત કરતી હશે, પરંતુ આકાશના આલિંગન પેરે ઇતર અંગનાનું આલિંગન વ્યર્થ છે. પતિવ્રતા સ્ત્રી જેમ પર પુરૂષનું સેવન કરતી નથી, તેમજ અમો પરક્રિયાપણ વિચક્ષણ નાયક-

નીજ સેવા કરીએ છીએ. તમારે મન હું કંઇ પણ નથી, પરંતુ મારે મન તો તમેજ છો.

પ્રિયતમ ? તમારૂં હૃદય તો પત્થર જેવું કઠિણ ભાસેછે. અરે ! હું તો ભૂલુંછું. પત્થરોની જાતિમાં પણ આકર્ષક, ચુંબક, દ્રાવક, ભ્રામક જાતના પત્થરો થાયછે, તેવું પણ તમારૂં હૃદય નથી ? આકર્ષક પત્થરનો સંબંધ થતાં લોઢાંથી જડેલું વહાણ પત્થર તરફ ખેંચાય છે; ચુંબક જાતના પત્થરને જોઇ લોઢું તેના તરફ વળે છે; દ્રાવક પત્થરનો સંગ થતાં લોઢું ગળી જાય છે અને ભ્રામક જાતિના પત્થરને જોઇને લોઢું ચોતરફ ભમે છે. આ ઉપમાઓ દરેક પુરૂષને લાગુ પડેછે પરંતુ તમે તો તેઓમાંથી પણ ગયાછો. છેવટે તમને ભ્રામકની ઉપમા આપુંછું, કારણકે તમને મારી સોકયે ભમાવ્યા છે. પરંતુ તમે વીર છો. આ સર્વ કહેતું એક અંતરતાપનું પરિણામ છે. તમારૂં હૃદય કોમળ છે. તેને ગળતાં ક્ષણપણ લાગશે નહિ, માટે

મારી પ્રાર્થના સ્વીકારશો અને મારી સખીના મનોરથો પૂરશો.

કોઇ દૂતી કહેવા લાગી કે તમે તો ધનાઢય અને સ્વરૂપવાન્ છો. તમારા ઉપર અનેક અનેક સ્ત્રીઓ આસક્ત છે, છતાં તમે અચળ સ્વભાવના છો. મારી સખીનો વિનય માન્ય રાખશો.

કોઇ દૂતી નાયકને જોઇ કહેવા લાગી કે, ઘણા ઘણા વીર નરો જોયા, પરંતુ તમારી તો બલિહારી છે. જ્યારે બીજા વૃથા કલેશ કરી સંગ્રામમાં મરણ પામેછે, ત્યારે તમે શૃંગાર રસના ભોગી, ભ્રમર થઇને માહાલો છો.

કોઇ દૂતી કહેવા લાગી કે તમે સર્વને સુખ આપોછો, પરંતુ મારી સખી તમારા તરફથી સુખ પામવાને બદલે દુઃખ સહન કરેછે, તે તમને ઝાંખ લગાડનારૂં છે.

કોઇ સખી નાયકને જોઇ આવેશથી બોલી ઉઠી કે, અરે શઠ ! ઉપરથી તો શાંતનો ડોળ ઘાલો છો, પરંતુ તમારા પેટમાં તો મોટી કાતી

જણાય છે. ઉત્સાહી, પ્રેમળ અને માન આપવામાં કુશળ એવી મારી સખી તમારે માટે પ્રાણ પાથરે છે; છતાં પણ તમે કોઇ બીજીને માટેજ આતુર રહોછો. આ ઠીક કહેવાય નહિ. માટે તમે જેવા ધીર અને સત્યવાદી છો, તેવીજ મારી સખી પણ નિર્મળ મનની છે અને તમારેમાટે દેહની પણ દરકાર કરતી નથી. વાસ્તે તમારે મારી સખીનો સ્વીકાર કરવો જોઇએ.

કોઇ દૂતીને કહેતી હતી કે, મારી સખી પાંજરાના પક્ષીની પેઠે જાળીમાં રહી નિત્ય તમારા આગમનની વાટ જોયા કરે છે.

આ રીતની દૂતી નાયક વચ્ચે અનંત વાતચીતો થવા માંડી અને પૂર્ણચંદ્રની ચાંદનીએ આખા જગતને રૂપેરી રંગનું કરી મુક્યું. થોડા વખત પછી સવાર થયું અને ક્રમે ક્રમે સાયંકાળ થયો. તે વેળા કંદર્પકેતુ તમાલિકા અને મકરંદની સાથે વાસવદત્તાના નગરની

પાસે આવી પહોંચ્યો. ત્યાં અનેક ઉપવનો, આકાશ ભેદી મહાલયો, ક્રીડા ભવનમાંથી કૃષ્ણાગૂરૂ ધૂપના ધૂમો અને કળા પૂરીને નૃત્ય કરતા મયૂરો દૃષ્ટિએ પડયા: એમ નગરશ્રીને નિરખતો નિરખતો કંદર્પકેતુ શૃંગારશેખરના મહેલની પાસે આવી પહોંચ્યો. એટલામાં રાજ-ભવનની અંદર વાસવદત્તાની સખીઓ વચ્ચે થતો પરિહાસ નિચે પ્રમાણે સાંભળવામાં આવ્યો.

અલિ સખી! મારી સાથે ગુપ્ત ભાષણમાં ગુંથાયા છતાં મને છોડીને ચાલી જાય છે તે શું? તું તો મારી સાથ પ્રેમબંધનથી બંધા-યલી છે! પરંતુ જાણ્યું. તારૂં નામ ચપલા છે, માટે તારૂં બોલવું પણ તેવુંજ હોયતો!

અલિ સુરેખે! દેવતાઓથી પણ ઇચ્છવા યોગ્ય રૂપવતિ? મદિરાના મદમાં એટલી છકી ગયેલી છે કે, તારા કાન ઉપરથી સરી પડેલા પુષ્પના ગજરાઓને પણ તું જાણતી નથી.

અલિ કજ્યાળિ? સોનાની કટિમેખળાના ઝણઝણાટથી શું તું કામદેવને બોલાવે છે?

અલિ મલયા? શું તું કામદેવના બાણ-જેવા કટાક્ષથી વીર પુરૂષોને આમંત્રણ કરેછે? અલિ કોકિલા? તું તારી કટિમેખળાને છોડી નાખ; કારણ કે તે સંગીત સાંભળવામાં વિઘ્ન કરે છે. તે સાંભળી કોકિળા કહે છે કે તે મારી મેખળાનો ખણખણાટ નથી, પરંતુ તુંજ, બહુ-બોલી છે માટે ખળ છે. અલિ મુગ્ધા અંવતી સેના? લજ્જા પામીને પુષ્પની શય્યામાં શામાટે શયન કરે છે? અલિ લવિંગીકા? હવે તું કપટ કરવું મૂકી દે. તારા શરીરનો કંપજ તારી વાસ-નાને ઉઘાડી પાડે છે. અલિ અનંગલેખા? તારૂં શરીર કામના બાણથી વિંધાઇ ગયું છે, છતાં તે વિકારને તું ગુપ્ત રાખે છે?

અલિ સતિવ્રતા? તારા હૃદયમાં કોઇ પણ વિલાસી પુરૂષ વસ્યો હોય એમ મને ભાસે છે. કારણ કે તારી વજ્રના જેવી કઠિણ વાણી તે

વાર્તા સ્પષ્ટ કહી આપે છે. અલિ શૃંગારમંજરિ ! શૃંગારરસને તો તું ખરેખર ખીલવનારી છે.

આ પ્રમાણે સખાઓ વચ્ચે થતાં મનોવિકારક ભાષણો સાંભળીને તે અત્યંત આશ્ચર્ય પામ્યો અને આકાશ સાથે વાતો કરતા રાજમહેલનું અનુપમ સૌંદર્ય જોઇને વિચાર કરવા માંડયો કે આ મહેલતો જાણે કૌતુકનો ભંડાર હોય, શૃંગારનું વાસભવન હોય, વિલાસનું મંદિર હોય અને લક્ષ્મીનું ક્રીડાભવન હોય તેવો દેખાય છે. આમ વિચાર કરતો વાસવદત્તાના મંદિરમાં દાખલ થયો. યૌવનમદમાં છકેલી, પ્રસન્ન મુખવાળી, વિશાળ લલાટમાં કરેલી સુંદર આડથી જાજરમાન જણાતી વાસવદત્તા દૃષ્ટિયે પડી. તેજ ક્ષણે વાસવદત્તાએ પણ સ્વપ્નમાં જોયેલા પોતાના પ્રિયતમને જોયો. બન્ને એક બીજાને જોઈ મૂર્છિત થયાં. પરંતુ મકરંદ અને વાસવદત્તાની સખિઓએ બન્નેને શીતોપચાર કરી સાવધ કર્યાં.

ત્યારપછી પ્રાણ થકી પણ અધિક પ્રિય

અને વિશ્વાસનું પાત્ર વાસવદત્તાની કલાવતી નામની સખીએ કંદર્પકેતુને કહ્યું કે રાજ? આ સમય વિશેષ વૃત્તાંત કહેવાનો નથી, માટે ટૂકમાં કહું છું. આ કુમારીકાએ આપ માટે જે જે દુઃખો અનુભવ્યાં છે; તે દુઃખો લખવા માટે કદાચ આકાશ કાગળ બને, સાગર મસીપાત્ર બને, બ્રહ્મદેવ લેખક બને અને શેષનાગ વાચક બને તોપણ અનેક યુગ સુધી વર્ણન કરવાને અથવા તો કહેવાને કઠણ પડે. તેમજ આપે પણ અમારી પ્રિય સખીને માટે રાજ્યનો ત્યાગ કર્યો છે. આથી બીજું તે શું અધિક? અમારી પ્રિય સખી વયમાં આવી છે, એમ જાણીને તેમના પિતાએ પુત્રીની મરજી વિરૂદ્ધ વિજયકેતુના પુત્ર પુષ્પકેતુની સાથે કાલે પ્રભાતમાં લગ્ન કરવાનો વિચાર કર્યો છે. એ સાંભળીને મારી સખીએ મનમાં ઠરાવ કર્યો કે, જો તમાલિકા મારા પ્રિયતમને તેડીને આવે નહિ, તો મારે અગ્નિમાં પડી બળી મરવું. પરંતુ

દબળ અપાર છે. આ મારી પ્રિયસખીના સુભાગ્યથી આપ મહાભાગ આજે અહીં પધાર્યા, માટે હવે શું કરવું, તેનો સર્વ વિચાર આપનેજ સોંપું છું. એટલું કહી કલાવતી બોલતી બંધ થઇ.

પછી આનંદની લહેરમાં મગ્ન થયો હોય અથવા ત્રણ ભુવનના રાજ્યાસનપર આરૂઢ થયો હોય તેમ રાજકુમાર આનંદમાં આવી ગયો; અને **વાસવદત્તા** સાથે એકાંતમાં વિચાર કરવા લાગ્યો. છેવટ બન્ને જણાં ગુપ્ત રીતે નાશી જવાના નિર્ણયપર આવ્યાં; અને શહેરમાં પાછળ શું બને છે, તેના સમાચાર જાણવા માટે **મકરંદ**ને પાછળ રાખવાનો નિશ્ચય કર્યો. **મકરંદ**ને તે વાત કહી. **મકરંદ** મિત્રના મતમાં મળ્યો અને પોતે પાછળ રહેવા કબુલ થયો. પછી કંદર્પકેતુ **મકરંદ**ને શહેરમાં રાખીને **મનોવેગ** નામે પાણીપંથા ઘોડાપર સ્વાર થઇ **વાસવદત્તા**ની સાથે ચુપચુપ ચાલતો થયો.

આંખ વીંચીને ઉઘાડીએ એટલી વારમાં તો માંસ ભક્ષણની ઇચ્છાથી જ્યાં હજારો કંક પક્ષિયો એકઠાં થયાં હતાં, ઉત્તાળ–વેતાળ વગેરે ભૂતો ચીતામાં સીમ સીમ શબ્દ કરતાં અર્ધ બળેલાં મુડદાંઓની આશાથી આમ તેમ ભટકતાં હતાં, શૂળી ઉપર ચઢાવેલા ચોરના અંગોમાંથી લોહીની ધારાઓ વહેતી હતી; તેના ઉપર ગણુ-ગણાટ કરતી માખીઓનાં ટોળાંથી તે પ્રદેશ બહુ ભયંકર દેખાતો હતો, ને જ્યાં ચિતાની અગ્નિમાં મનુષ્યની તુંબડીઓ બળતી બળતી કડાટ કડાટ કરતી ફાટતી હતી, જ્યાં શંકરના શરીર પેરે ખોપરીઓ, ભસ્મ, અગ્નિ, ભૂત, એવું એવું જોવામાં આવતું હતું; અને આમ તેમ શ્વાનો ફરતાં હતાં, તે સ્મશાનના માર્ગે થઇ સેંકડો યોજન વટાવી વિંધ્યાટવીના ગીચ જંગલમાં દાખલ થયાં; અને એક લતાના મંડપ નીચે વિશ્રામ કર્યો.

આખા રાત્રીનો ઉજાગરો હતો; રસ્તે જળ

પણ પીધું નહોતું અને કોઇ ઠેકાણે વિશ્રામ પણ કર્યો નહોતો, તેથી કંદર્પકેતુ અત્યંત શ્રમિત થઇ ગયો. તેનાં ગાત્ર ઢીલાં પડી ગયાં અને ચૈતન્યરહિત થઇ ગયો હોય તેવો જણાવા લાગ્યો. બીજી બાજુ રાજકન્યાની દશા પણ તેવીજ થઇ હતી. બન્ને જણાં ભમરાના મનોરમ ગુંજારવથી ગણગણી ઉઠેલાં અને મંદ મંદ પવન વડે કંપતાં પાંદડાંઓની લહેરથી સુખકારી લતામંડપમાં નિદ્રાવશ થયાં.

બરાબર મધ્યાન્હ થયા. સૂર્યનો સખત તાપ પડવા લાગ્યો. અને ઉષ્ણ પવન વાવા લાગ્યો. તે વેળા કંદર્પકેતુ ઝબકીને જાગી ઉઠ્યો અને જુવે છે તો વાસવદત્તા મળે નહિ! વાસવદત્તાની શોધ માટે ક્ષણવાર વૃક્ષોની ઘટામાં, ક્ષણવાર લતા મંડપોમાં, ક્ષણવાર ઝાડોની ટોચો ઉપર, ક્ષણવાર અંધારા કૂવામાં, ક્ષણવાર શુષ્ક થયેલા પાંદડાના ઢગ ઉપર, ક્ષણવાર આકાશ તરફ અને ક્ષણવાર દિશાઓમાં શોધ કરવા લાગ્યો: અને

આમ તેમ ભટકતો ભટકતો વિરહાનલથી દગ્ધ થયેલા અંતઃકરણમાં સંતાપ કરતો વિલાપ કરવા લાગ્યો:—

પ્રિયે! વાસવદત્તા! મને એકવાર દર્શન દે. શું ઉપહાસને ખાતર સંતાઇ રહીછો? તારે માટે મેં જે જે દુઃખ ભોગવ્યાંછે, તે માત્ર તુંજ જાણેછે. પ્રિય મકરંદ? મારૂં દુષ્ટ દૈવ તો જો! મેં શું પૂર્વ પુણ્યકર્મ નહિ કર્યાં હોય? અરેરે!!! દૈવનું પરિણામ બહુ દુર્ઘટ છે. કાળની ગતિ દુરતિ ક્રમ છે? અરેરે! ગ્રહોની પણ મારાપર દુષ્ટ દૃષ્ટિ થયેલી છે. ગુરૂજનોના આશીર્વાદોનું ફળ વિપરીત નિવડયું છે! મને ખરેખરૂં અપશુકનનું ફળ મળ્યું! દૈવને કયી વસ્તુ અગોચર છે? મેં શું વિદ્યાની સેવા કરી નથી? શું મેં ગુરૂજનો સેવ્યા નથી? શું મેં અગ્નિદેવની ઉપાસના કરી નથી? શું મેં બ્રાહ્મણોનું અપમાન કર્યું છે? શું મેં કામધેનુની પ્રદક્ષિણા

કરી નથી? અથવા તો શું મેં શરણાગતનું રક્ષણ કર્યું નથી!”

એમ વિલાપ કરતો કરતો દક્ષિણ દિશાના જંગલમાં ઘણે દૂર નીકળી ગયો અને મહા-સાગરના એક કીનારા ઉપર આવી ચઢયો. અહીંઆં તાડ, નાળિયેરી, વડ-પીપલા, આંબા વગેરેની ઘાટી ઘટાઓથી લીલા છમ દેખાતાં વૃક્ષોની ડાળીઓ ઉપર બેસીને કલ્લોલ કરતાં પક્ષિઓના શબ્દોથી મનોરમ દેખાતા હતા. તેમજ વરૂણ દેવની વિજય પતાકા પેરે ચારે તરફથી ઉછળતા મોજાવાળો અને લક્ષ્મીના વિલાસ સરોવરરૂપ સ્યામરંગનો મહાસાગર પણ ગંભીર જણાતો હતો.

આ પ્રકૃતિગંભીર મહાસાગરને જોઇને રાજા વિચાર કરવા લાગ્યો કેઃ—આ સમુદ્ર મારી દૃષ્ટિયે પડયો, તે અપકાર કરનારા દૈવે મારાપર મોટી કૃપા કરી, કારણ કે મને સાગરનાં દર્શન થયાં. હું આ સાગરમાં દેહનો ત્યાગ કરીને મારા

વિરહાનળને શાંત કરૂં ! જોકે નિરોગી પ્રાણીએ દેહત્યાગ કરવો એ શાસ્ત્રવિરૂદ્ધ છે, છતાં પણ મારેતો આ પ્રસંગે તેમજ કરવું યોગ્ય છે. સંસારમાં કોઇપણ એવો મનુષ્ય નથી, કે જે શાસ્ત્રોક્ત કર્મજ કરે!

સંસારમાં ઘણા લોકો અકાર્ય કરી ગયા છે. **ચંદ્રે** ગુરૂની સ્ત્રીનું હરણ કરયું હતું; **પુરૂરવા** વૃદ્ધાવસ્થામાં બ્રાહ્મણનું દ્રવ્ય હરણ કરવાની લાલચથી મરણ પામ્યો હતો; **નહુષ** રાજા ઇંદ્રાણીપર મોહિત થયો હતો, તેથી બ્રાહ્મણોના શાપને લીધે અજગર થયો હતો; યયાતિ બ્રાહ્મણની કન્યાસાથે પરણ્યા પછી નિયમ તોડવા માટે વૃદ્ધ થયો હતો. **સોમક** રાજાએ પુત્ર જંતુનો નાશ કરીને પોતાનું ઘાતકીપણું દેખાડી આપ્યું હતું; કુવલયાશ્વ રાજાએ **અશ્વતરની** કન્યાનું હરણ કરયું હતું; યુધિષ્ઠિરે યુદ્ધભૂમિ ઉપર સત્ય છોડી દીધું હતું; તપસ્વિયોના શાપથી **દશરથે** **રામ**-વિયોગ ભોગવીને દેહનો ત્યાગ કરયો હતો. **કાર્ત**-

વીર્ય ગોબ્રાહ્મણને દુઃખ દઇ મરણ પામ્યો હતો.

આ પ્રમાણે જોતાં કોઇ પણ પ્રાણી નિષ્કલંક નથી. માટે હું પણ આ સમુદ્રમાં દેહત્યાગ કરૂં. આમ વિચારીને મહાસાગરના છેક જળપાસે આવી પહોંચ્યો.

સિંધુના જળમાં નાહી નિત્યકર્મ કર્યું અને પછી શરીરનો ત્યાગ કરવા માટે જેવો સાગરમાં પડવા જાય છે, તેવામાં મોટ મોટાં મગરોએ તેના ઉપર દયા કરી; બીજાં વિકાળ જળચરો તેના તરફ માયાળુપણું દર્શાવવા લાગ્યાં; અને આકાશવાણી થઇ કે:

રે કંદર્પકેતુ? તુંને અલ્પ સમયમાં તારી પ્રિયાનો સમાગમ થાશે, તું મરવાનો પ્રયાસ છોડી દે. વૃથા શામાટે આત્મહત્યાનું પાતક વહોરી લેછે?

આકાશવાણી સાંભળીને કંદર્પકેતુના અંતઃકરણમાં નવું ચેતન અંકુરિત થયું. ક્ષુધા દૂર કરવામાટે મહાસાગરના કિનારા ઉપર આવીને

આડી અવળી દિશાઓ તરફ શોધ કરી ફળો મેળવ્યાં; અને તેનો આહાર કરી ક્ષુધાં શાંત કરી.

નિત્ય આ પ્રમાણે ફલાહાર કરી કેટલોક કાળ જંગલમાં ગાળી કાઢ્યો.

ત્યાર પછી વર્ષાઋતુનો આરંભ થયો. નદીઓ અને તળાવો પાણીથી છલકાવા લાગ્યાં. મયૂરો મેઘની ગર્જના સાંભળીને આનંદના ધ્વનિ કરવા લાગ્યા. પાણી પડવાથી પૃથ્વી રીઢી થઇને બ્હેકવા લાગી. ખેડુતો મનમાં હરખાવા લાગ્યા. આકાશમાં ઇંદ્રધનુષ્ય શોભવા લાગ્યાં. વિયોગીની પ્રમદાનાં હૃદયોને કંપાવી દેનારી મેઘની ગર્જનાઓ સાથે વિજળીઓ ચમકવા લાગી અને આખું જગત્ જળમય થઇ રહ્યું.

થોડા દિવસ પછી શરદઋતુ બેઠી. નવાણનાં નીર સ્વચ્છ થયાં; આકાશ પણ સ્વચ્છ દેખાવા લાગ્યું અને રસ્તાના કાદવો સૂકાઇ ગયા આ તક સાંધીને કંદર્પકેતુ, કે જે પુનઃ પ્રિયસમાગમની આશાથી ઉત્કંઠિત હતો, તેણે વનમાં

ફરતાં ફરતાં એક પત્થરની પુતળી દીઠી. "આ પુતળીતો મારી સ્ત્રીના જેવી છે." એવી બુદ્ધિથી તેણે કૌતુક તથા શોકના આવેગમાં તુરતજ હાથથી તેનો સ્પર્શ કર્યો, કે તે પોતાનું શિલામય સ્વરૂપ તજી દઇ વાસવદત્તાના રૂપમાં પાછી પ્રગટ થઇ!

રાજા વાસવદત્તાને જોઇને તુરતજ જાણે અમૃતના સરોવરમાં ડૂબી ગયો હોય, તેવો આનંદમગ્ન થઇ દૃઢ આલિંગનથી તેને ભેટી પડયો અને હર્ષનાં ચુંબન કરતો બોલ્યોઃ મારાં જીવન સર્વસ્વ! આ સઘળું શું સ્વપ્નું છે કે સત્ય છે?! જે હોય તે કહે. વાસવદત્તાએ તુરતજ ઉંડો વિશ્વાસ નાખીને પોતાનું વૃત્તાંત કહેવા માંડયું.

સ્વામિનાથ! મજ પાપણી અને મંદભાગ્યવાળી એક સ્ત્રીને માટે આપે રાજ્યનો ત્યાગ કર્યો અને અલૌકિક મનુષ્યની પેઠે અગણિત દુઃખો ભોગવ્યાં; જેને માટે હું તમારી ઋણી છું. આપ ઉપવાસથી દુર્બળ થઇ પડયા હતા અને

શરીરનું પણ ભાન રહ્યું નહોતું, માટે હું ફળ-મૂળાદિક લેવા માટે પાસેના વનમાં ગઇ હતી. ત્યાં વનની અનુપમ શોભા નિહાળતી નિહાળતી કેટલાક ગાઉ નીકળી ગઇ. તે ઠેકાણે એક સેનાનો પડાવ મારા જોવામાં આવ્યો, જ્યાં કેટલાક તંબુઓ ઉભા કરતા હતા. કોઇ ઘોડાઓ ઉપરથી સામાન ઉતારતા હતા; કોઇ વિશ્રામ કરવાની સુચના માટે નગારાં વગાડતા હતા; કોઇ મીઠા પાણીના તળાવની શોધ કરતા હતા; કોઈ સેનાના સરસામાનની ચોકી કરતા હતા. આ સેનાનો પડાવ જોઇને હું વિચાર કરૂં છું કે મારા પિતાએ શું અમારી શોધ માટે સેના મોકલી હશે? અથવા તો મારા પ્રિયતમના પિતાજીએ આર્યપુત્રની શોધ માટે સેનાને મોકલી હશે? એટલામાં તો ગુપ્ત દૂતો દ્વારા વૃત્તાંત સાંભળીને મારી પાસે કોઇ દોડતો આવ્યો. એવામાં મૃગયા કરવા માટે નીકળેલો બીજો એક ભિલ્લ સેનાપતિ પણ મારી તરફજ દોડી

આવ્યો. આ વેળા ઘણીજ ભયંકર લઢાઇ થઇ પડી. હું આપની પાસે આવીને આ વાર્તા નિવેદન કરૂં અને આપ મારા રક્ષણ માટે ત્યાં આવે તો એકલા હોવાથી આપનો નાશ થાય; માટે મારોજ એકનો નાશ થાય તે ઠીક. એમ ધારીને હું ત્યાંજ ઉભી રહી.

એવામાં એક માંસના પિંડને માટે જેમ શકરાઓ લઢે, તેમ મારે માટે બન્ને સેના વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. બાણોની વૃષ્ટિથી આકાશ છવાઇ ગયું. પરસ્પર અથડાતી તરવારોના ખણખણાટો થવા લાગ્યા. રણભૂમિ યોદ્ધાઓના રૂધિરથી ભીંજાઇ ગઇ. યોદ્ધાઓનાં ધડો નાચવા લાગ્યાં. રથો અને ઘોડાઓ રણ ઉપર તુટી પડ્યા, અને ઉભય સેનાના મનુષ્યો જે મરણીઆ થઇને રણમાં એક બીજા ઉપર ધસારો કરતા હતા, તેઓનો ક્રમે ક્રમે વિનાશ થયો. આ યુદ્ધમાં કેટલાક ઉધ્ધત મનુષ્યોએ પડોસમાં આવેલા એક ઋષિના આશ્રમનો પણ નાશ

કરયો; સર્વ શાંત પડયું; છુટાં છવાયાં લોકો રણમાંથી જીવ લઇ નાઠાં અને માત્ર હું તથા પડોશના આશ્રમના ઋષિ, એમ બેજ ત્યાં ઉભાં રહ્યાં. પછી ઋષિએ જાણ્યું કે આ સ્ત્રીને માટે આટલો બધો કલહ થયોછે, અને તેથી મારા આશ્રમનો નાશ થયોછે, માટે તે સ્ત્રીને યોગ્ય શિક્ષા કરવીજ જોઇએ. એમ વિચાર કરી ક્રોધથી મારા તરફ નિહાળીને બોલ્યા કે,—

અલિ દુષ્ટા! જા પાષાણની પુતળી થા. તારાં દુષ્ટ પગલાંથી મારા આશ્રમનું સત્યાનાશ વળ્યું છે. મેં મુનિના ચરણમાં પ્રણામ કરીને કહ્યું કે,—

હે મહારાજ! આ અણપરાધિની દાસી ઉપર દયા કરો. મારો તેમાં કાંઇ પણ દોષ નથી.

મારાં દીન વચનો સાંભળીને ઋષિને દયા આવી. પછી તે શાપનો અનુગ્રહ કરતા બોલ્યા કે;—તારા પતિના હાથનો સ્પર્શ થાશે ત્યારે તું પાછી તારા સ્વરૂપને પામીશ.

આ રીતે ઋષિના શાપથી હું અહીઆં પાષાણુની પુતળી થઇ પડી હતી; અને આપના શીતળ કર સ્પર્શથી પાછી શાપમુક્ત થઇ છું.

આ પ્રમાણે બન્ને જણુ પોત પોતાની વિતક વાર્તા કહેતાં હતાં, એટલામાં રાજકુમારનો મિત્ર **મકરંદ** પણુ કુસુમપુરથી આવી પહોંચ્યો; અને તે બન્નેને ભેટીને ઘણોજ પ્રસન્ન થયો. પછી રાજકુમાર કંદર્પકેતુ પોતાના મિત્ર **મકરંદને** અને વાસવદત્તાને સાથે લઇ પોતાના નગરમાં આવ્યો. રાજાએ અને નગરજનોએ ઘણે દિવસે આવેલા રાજકુમારને મળીને વિરહ દુઃખ દૂર કર્યું. રાજા વૃદ્ધ હતો, માટે રાજ્ય ગાદી ઉપર કંદર્પકેતુને બેસારીને પોતે પરમાત્માના સ્મરણ માટે એકાંતવાસ કર્યો. કંદર્પકેતુએ રાજ્ય ધુરા હાથ ધરી. મિત્ર **મકરંદ** ને મંત્રીપદ ઉપર નિમ્યો. અને પ્રજાપાળન કરતો આનંદમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

સમાપ્ત.

ઉપયોગી પુસ્તકો.

માણેકલક્ષ્મી—સ્વર્ગવાસી નવલ બ્હેન-કૃત પતિવ્રત, ધર્મ, રાજનીતિ, રીતિ, ચાતુર્ય-યુક્ત સુબોધક વાર્તા. તેમનાં ચિત્ર ચરિત્ર સાથે. જીવનચરિત્ર રા. રા. રતિરામ દુર્ગારામ મંછારામ બી. એ. મુંબઇ યુનીવરસીટીના ફેલોએ લખેલું છે. કીંમત દશ આના. પોસ્ટેજ અર્ધો આનો.

સુંદરીતિલક—સ્ત્રી શિક્ષણ સંબંધી રસિક ગરબા, ગરબી, ગીત, છંદ, પદ ઇત્યાદિ દ્વારા આ લઘુ ગ્રંથમાં ઉપયોગી બાબતોનો સમાવેશ કર્યો છે. ત્રીજી આવૃત્તિ. કીંમત છ આના. પોસ્ટેજ અર્ધો આનો.

મારૂઢોલા નાટક—પ્રીતમ–પ્રિયાનો અનુપમ પ્રેમ, પતિવ્રતનો પ્રભાવ, સંપ, તથા ઇશ્વરની અગાધ શક્તિ દર્શાવનારી આ વાર્તા જનપ્રિય થઇ પડી છે. કીંમત છ આના. પોસ્ટેજ અર્ધો આનો.

શ્રીપરમપદબોધની—યોગ, સાંખ્ય, ભક્તિ અને વેદાંતની સમજ આપ ર આ અતિ ઉત્તમ ગ્રંથ છે. એમાં હઠયોગ અને રાજયોગની પુષ્કળ પ્રક્રિયાઓ સ્ફુટ કરી વર્ણવી છે. એટલુંજ નહિ પણ પિંડ-બ્રહ્માંડનો વિવેક, આત્મજ્ઞાન સંબંધી અસરકારક કવિતા તથા સર્વસાર નિરૂપણ વગેરે ઘણા વિષયો છે. કર્તા મહાત્મા શ્રી નથુરામ શર્માની સુંદર છબિ તથા જીવનકથા સહિત. બીજી આવૃતિ. કીંમત રૂ ૧ા પોસ્ટેજ એક આનો.

સુભાષિતલહરી—પંડિત શ્રી ગટુલાલજીકૃત ગુજરાતી સમશ્લોકી ભગવદ્ગીતા, ઇશ્વરભક્તિ, નીતિ, સાહિત્ય વગેરે અનેક કવિતારૂપ વિષયોનો સંગ્રહ. કર્તાની સુંદર છબિ તથા જીવન ચરિત્ર સાથે. કીંમત રૂ ૧ પોસ્ટેજ એક આનો.

સાહિત્યસંગ્રહ—આ ગ્રંથમાં લોકપ્રિય કવિ ગંગે અકબર બાદશાહની હજુરમાં કહેલાં

કવિત, કુળિયા, સવૈયા, તેમજ કવિ ગિરધર, તાનસેન, તુલસીદાસ, પ્રભાકર, સુંદરદાસ, જસુરામ, બોહારી, બિરબલ, બ્રહ્માનંદ, ખાન-ખાના, ટોડરમલ્લ વગેરે જુના અને નામાંકિત કવિઓની નવરસયુક્ત બોધક કવિતા દાખલ કરી છે. એ કવિતાની કીર્તિ એટલી તો જગ પ્રસિદ્ધ છે કે તે વિષે વિવેચનની કશી જરૂર નથી. ગ્રંથ જલદીથી તૈયાર થશે. મૂલ્ય રૂપીઆ બે. પોસ્ટેજ બે આના.

*** એ સિવાય સુબોધસંગ્રહ, મુંબઇમાં થયલું ભયંકર હુલ્લડ, ગોરક્ષા પ્રકાશ, ગોરક્ષા-નિબંધ, ગોરક્ષક ગરબાવળી, એ પુસ્તકો તમામ ખપી ગયાં છે, માટે તે મંગાવવાની તસ્દી ન લેવી; પણ તે સિવાય અનેક પુસ્તકો મારી મારફતે કિફાયતે મળી શકશે. સામટાં મંગાવ-નારને સારૂં કમીશન મળશે,

કહાનજી ધર્મસિંહ,

ચંપાવાડી. (માર્કેટ પોસ્ટ) મુંબઇ.